**આંક–૧૨**

**શ્રી આર.એન.પટેલ, કમિશ્નરશ્રી,કામદાર વળતર અધિનિયમ, અમદાવાદ સમક્ષ**

**ડીસ્ટ્રીબ્યુશન અરજી નં.૭/૨૦૧૯**

**અરજદારો :૧) દલપતસિંહ મોતીસસિહ રાઠોડ, ગુજરનારના પિતા,**
**૨) વસંતબા દલપતસિંહ રાઠોડ, ગુજરનારના માતા,**
**૩) મનહરબા લાલસિંહ રાઠોડ, ગુજરનારનાવિધવા પત્નિ,**
**૪) હિરલબા લાલસિંહ રાઠોડ, ગુજરનારની પુત્રી,**
**૫) નિર્મલસિંહ લાલસિંહ રાઠોડ, ગુજરનારના સગીર પુત્ર,**
**૬) ગજેન્દ્રસિંહ લાલસિંહ રાઠોડ, ગુજરનારના સગીર પુત્ર,**
સર્વેનું ઠે. સીતવાડા, તા.પ્રાંતિજ, જી.સાબરકાંઠા.

**વિરુધ્ધ**

**સામાવાળા : ૧. રોયલ ઈ.પી.સી.પ્રોજેકટસ પ્રા.લી.,**
ઠે.૪૦૧, એપોલો આર્કેડ, આર.સી.ટેકનીકલ ઈન્સ્ટીટયુટ રોડ, નવી હાઈકોર્ટ સામે, એસ.જી.હાઈવે, ઘાટલોડીયા,અમદાવાદ.
**૨. રોયલ સુંદરમ જનરલ ઈન્સ્યોરન્સ,**
ઠે.બીજોમાળ, ડેલ્ફી, સી વીંગ, હીરાનંદની બીઝનેસ પાર્લ, પોવૈઈ, મુંબઈ–૪૦૦૦૭૬.

**બાબત : કામદાર વળતર ધારા અંતર્ગત અકસ્માત મૃત્યુ વળતર મેળવવાની ડીસ્ટ્રીબ્યુશન અરજી.**

**હાજર રહયા :** અરજદારો તરફે : શ્રી એ.જી.પાંડે.
સામાવાળા નં–૧ તરફે : જાતે.
સામાવાળા નં–૨ તરફે : ગેરહાજર.

**–:: ચુકાદો ::–**

**૧.** આ કામના અરજદારોએ સામાવાળા નં–૨ વીમા કંપની તરફથી વર્કમેન કોમ્પેનસેશન એકટ અન્વયે ગુજરનાર શ્રી લાલસિંહ દલપતસિંહ રાઠોડના અકસ્માત મૃત્યુ વળતરની રકમ રુા. ૮,૧૫,૪૦૦/– (અંકે રૂપિયા આઠ લાખ

પંદર હજાર ચારસો પુરા) જમા કરાવેલ છે, તે અરજદારોને વહેંચણી કરી ચુકવી આપવા માટે હાલની આંક–૧ ની અરજી કરેલ છે. આ અરજીમાં અરજદારો ગુજરનારના પિતાશ્રી, માતૃશ્રી,વિધવા પત્નિ, પુત્રી, અને સગીર બે પુત્ર હોવાનું અને તેઓના વારસદાર હોવાનું જણાવેલ છે.

૨. અરજદારો તરફે આંક–૨ થી શ્રી એ.જે.પાંડેનું વકીલાતપત્ર રજુ થયેલ છે. સામાવાળા નં–૧ સંસ્થા તરફે સંસ્થાના અધિકૃત વ્યકિત હાજર રહેલ છે જયારે સામાવાળા નં–૨ તરફે કોઈ હાજર નથી.

૩. અરજદાર તરફે આંક–૩ ના દસ્તાવેજી લીસ્ટથી મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

| અ.નં | દસ્તાવેજોની વિગત |
|---|---|
| ૧. | અરજદારના પરિવારનું તલાટીશ્રી સીતવાડા ગ્રામ પંચાયત, તા. પ્રાંતિજ,જી.સાબરકાંઠા ધ્વારા આપવામાં આવેલ પેઢીનામું અસલ. |
| ૨. | ગુજરનારના પિતા દલપતસિંહના આધારકાર્ડની નકલ. |
| ૩. | ગુજરનારના પિતા દલપતસિંહના બેન્ક ખાતાની પાસબુકની નકલ. |
| ૪. | ગુજરનારના માતા વસંતબાના આધારકાર્ડની નકલ. |
| ૫. | ગુજરનારના માતા વસંતબાના બેન્ક ખાતાની પાસબુકની નકલ. |
| ૬. | ગુજરનારના પત્નિ મનહરબાના આધારકાર્ડની નકલ. |
| ૭. | ગુજરનારના પત્નિ મનહરબાના બેન્ક ખાતાની પાસબુકની નકલ. |
| ૮. | ગુજરનારની પુત્રી હિરલબાની એસ.એસ.સી.ની નકલ. |
| ૯. | ગુજરનારની પુત્રી હિરલબાના આધારકાર્ડની નકલ. |
| ૧૦. | ગુજરનારના પુત્ર નિર્મલસિંહના જન્મના દાખલાની નકલ. |
| ૧૧. | ગુજરનારના પુત્ર નિર્મલસિંહના આધારકાર્ડની નકલ. |
| ૧૨. | ગુજરનારના પુત્ર ગજેન્દ્રસિંહના જન્મના દાખલાની નકલ. |
| ૧૩. | ગુજરનારના પુત્ર ગજેન્દ્રસિંહના આધારકાર્ડની નકલ. |

**૪.** સામાવાળા સંસ્થા તરફે આંક–૪ થી (વર્કમેન) કામદાર વળતર ધારા હેઠળ અત્રેની અદાલતમાં વળતરની રકમ જમા કરાવવા અંગે લખેલ પત્ર છે તેની સાથે સામાવાળા સંસ્થાએ કામદાર વળતર અધિનિયમની જોગવાઈઓ અન્વયે ગણતરી કરી રુા.૮,૧૫,૪૦૦/– ચેક નં–૮૬૮૩૨૩.એચ.ડી.એફ.સી. બેન્ક, અન્ના સલાલ શાખા,ચેન્નયનો તા.૧૬/૧૦/૧૮ ના રોજના ચેક સાથે અનુક્રમ નં–૧ થી ૧૦ મુજબના દસ્તાવેજોની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. આંક–૫ થી ચલણ નં–૧૭૨/૨૦૧૮ થી વળતરની રકમ રુા.૮,૧૫,૪૦૦/– જમા થયેલ છે.

**૫.** આંક–૬ થી જમા થયેલ રકમની વહેચણીનું ફોર્મ અત્રેની અદાલત ધ્વારા અરજદારને મોકલવામાં આવેલ જે મળ્યા બાબતેની એ.ડી. સ્લીપ આંક–૬/૧ થી રજુ થયેલ છે.

**૬.** અરજદારો તરફે આંક–૭ થી ડીસ્ટ્રીબ્યુશન રજીસ્ટર્ડ કરી તેની વહેચણી કરી આપવા બાબતેની અરજી સાથે આંક–૮,૯ અને આંક–૧૦ થી સોગંદનામુ રજુ કરેલ છે જેમાં અરજદાર નં–૧,૨ ના પુત્ર, અરજદાર નં–૩ ના પતિ તેમજ અરજદાર નં–૪ થી ૬ ના પિતા સામાવાળા નં–૧ સંસ્થામાં ખંત અને વફાદારીપુર્વક ફરજો બજાવતા હતા અને નોકરીના સયગાળા દરમ્યાન તેઓને ગંભીર અકસ્માત થયેલ જેમાં તેઓનું અવસાન થયેલ જે બાબતે સામાવાળા નં–૧ સંસ્થા ધ્વારા સામાવાળા નં–૨ પાસેથી ડબલ્યુ સી એકટ હેઠળની પોલીસી લીધેલ હતી તે પોલીસીની કલેઈમ કર્યા મુજબના નાણાં સામાવાળા નં–૨ ઈન્સ્યોરન્સ કંપની ધ્વારા જમા કરાવવામાં આવેલ છે જે ગુજરનારના વારસદારો વચ્ચે વહેચણી કરી આપવા જણાવેલ છે તેમજ સામાવાળા નં–૨ ધ્વારા જમા કરાવેલ રકમ તેઓને કબુલ મંજુર હોઈ સદર અરજી રજીસ્ટર્ડ કરી કાયદેસરના વારસદારોને રકમની વહેચણી કરી ચુકવી આપવા અરજ કરેલ છે.

૭. અરજદાર નં–૧ ગુજરનારના પિતા દલપતસિંહ મોતીસિંહ રાઠોડે આંક–૮ થી , અરજદાર નં–૨ ગુજરનારના માતા વસંતબા દલપતસિંહ રાઠોડે આંક–૯ થી તથા અરજદાર નં–૩ ગુજરનારના પત્નિ  મનહરબા લાલસિંહ રાઠોડે આંક–૧૦ થી  સોગંદનામુ રજુ કરી  આંક–૭ ની અરજીની હકીકતો સાચી અને ખરી હોવાનું જણાવી સામાવાળા નં–૨  ઈન્સ્યોરન્સ કંપનીએ જમા કરાવેલ રકમ રુા.૮,૧૫,૪૦૦/– ની વહેચણી કરવા હુકમ કરવા અરજ કરેલ છે.

૮. સામાવાળા નં–૧ સંસ્થા તરફે આંક–૧૧ થી અરજી આપી જણાવેલ છે કે સંસ્થામાં કામ કરતા કામદાર લાલસિંહ દલપતસિંહનું અકસ્માત થતાં અવસાન થયેલ છે જેના વળતરના નાણાં ઈન્સ્યોરન્સ કંપની ધ્વારા જમા કરાવવામા આવેલ તે વારસદારોને ચુકવી આપવામાં આવે તો સંસ્થાને કોઈ વાંધો વિરોધ નથી

૯. આમ, સદર કામે રજુ થયેલ દસ્તાવેજો વંચાણે લેતાં,  ગુજરનાર લાલસિંહ દલપતસિંહ રાઠોડના વારસદારો (અરજદારો) સીધી લીટીના આશ્રિત હોવાનું તારણ થાય છે અને કામદાર વળતર અધિનિયમની હકીકતો ધ્યાને લેતા ગુજરનારના પિતા, માતા, પુત્રી અને સગીર પુત્રનો આશ્રિતની વ્યાખ્યામાં સમાવેશ થતો હોઈ, તેઓને ગુજરનારના આશ્રિત તરીકે હાલના કામે સ્વીકારવામાં આવે છે. આમ હાલના અરજદારો ગુજરનારના કાયદેસરના આશ્રિત હોઈ સદર કામે જમા થયેલ રકમ તેઓને મળવાપાત્ર થતી હોઈ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ફર્સ્ટ અપીલ નં.૩૮૩૦/૨૦૦૬ ની દિ.પ.અ.નં.૧૧ ૭૦૬/૨૦૦૬ થી ફર્સ્ટ અપીલ નં.૩૮૪૦/૨૦૦૬ ની દિ.પ.અ.નં.૧૧૭૧ ૬/૨૦૦૬, ન્યુ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની લી. વિરુધ્ધ નરસીંહ ડી. હરીજન(સોલંકી)ના કામે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ જમા થયેલ વળતરની રકમ રૂા. ૮,૧૫,૪૦૦/– (અંકે રૂપિયા આઠ લાખ પંદર હજાર ચારસો પુરા)

અરજદારોને નીચે જણાવેલ વિગતે વહેંચણી કરવામાં આવેલ છે.

**<u>–:: હુકમ ::–</u>**

| ક્રમ | નામ | સંબંધ | મળવા પાત્ર રોકડ રકમ | ફીકસ ડીપોઝીટની રકમ | કુલ રકમ | મુદત |
|---|---|---|---|---|---|---|
| ૧. | દલપતસિંહ મોતીસિંહ રાઠોડ | પિતા | ૪૦,૦૦૦/– | ૬૦,૦૦૦/– | ૧,૦૦,૦૦૦/ | પાંચવર્ષ |
| ૨. | વસંતબા દલપતસિંહ રાઠોડ | માતા | ૪૦,૦૦૦/– | ૬૦,૦૦૦/– | ૧,૦૦,૦૦૦/ | પાંચવર્ષ |
| ૩. | મનહરબા લાલસિંહ રાઠોડ | પત્નિ | ૪૨,૪૦૦/– | ૨,૭૩,૦૦૦/ | ૩,૧૫,૪૦૦/ | પાંચવર્ષ |
| ૪. | હિરલબા લાલસિંહ રાઠોડ | પુત્રી | – | ૧,૦૦,૦૦૦/ | ૧,૦૦,૦૦૦/ | પાંચવર્ષ |
| ૫. | નિર્મલસિંહ લાલસિંહ રાઠોડ | સગીર પુત્ર | – | ૧,૦૦,૦૦૦/ | ૧,૦૦,૦૦૦/ | પુખ્તવય સુધી |
| ૬. | ગજેન્દ્ર લાલસિંહ રાઠોડ | સગીર પુત્ર | – | ૧,૦૦,૦૦૦/ | ૧,૦૦,૦૦૦/ | પુખ્તવય સુધી |
| | કુલ. | | ૧,૨૨,૪૦૦/ | ૬,૯૩,૦૦૦/ | ૮,૧૫,૪૦૦/ | |

(૧) અરજદાર નં–૧, ૨ અને ૩ નાને રોકડમાં ચુકવવાના થતાં નાણાં એકાઉન્ટ પે ચેકથી ઓળખના પુરાવા લઈ રોકડા ચુકવવાનું ઠરાવવામાં આવે છે. તેમજ હાલના કામે ફીકસ ડીપોઝીટ ઉપર આજદીન સુધીનું જે પણ વ્યાજ જમા થયેલ હોય તે અરજદાર નં–૩ મનહરબા લાલસિંહ રાઠોડને એકાઉન્ટ પેચી ચેકથી ચુકવવુ. તેમજ અરજદારોની ફીકસ ડીપોઝીટમાં મુકવાની રકમ અરજદારો તથા કમિશ્નરશ્રી, વર્કમેન કોમ્પેનસેશનના સંયુકત નામે રાષ્ટ્રીયકૃત બેંકમાં ઉપર જણાવેલ સમયગાળા માટે મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ઉપરોકત ફીકસ ડીપોઝીટની રકમ ઉપરનું ત્રિમાસીક વ્યાજ અરજદારનં–૧,૨,૩ અને ૪ નાને તેમના ખાતામાં તેમના ભરણપોષણ માટે જમા આપવું, તેમજ અરજદાર નં–૫ તથા નં–૬ ની વ્યાજની રકમ તેમના માતૃશ્રી અરજદાર નં–૩

મનહરબા લાલસિંહ રાઠોડના ખાતામાં તેમના ભરણપોષણ માટે જમા આપવુ.

(૩) બેંકને આથી આદેશ કરવામાં આવે છે કે, બેંકે ફીક્સ ડીપોઝીટ પાક્યા પહેલાં તેમજ કોર્ટની પરવાનગી વિના સદર ફીક્સ ડીપોઝીટ ઉપર કોઈપણ એડવાન્સીસ કે લોન આપવી નહીં.

(૪) ફીક્સ ડીપોઝીટ રસીદની ઝેરોક્ષ નકલ અદાલતમાં સામેલ કરવી. પક્ષકારોને જાણ કરવી.

તારીખ : ૦૩/૦૪/૨૦૧૯
સ્થળ : અમદાવાદ.

**(રાજુ નટવરલાલ પટેલ)**
**CODE : GJ00789**
કમિશ્નર,
કામદાર વળતર અધિનિયમ,
અમદાવાદ

**H.N.PATEL, P.A.**